ક્રમાંકઃ- પ્રા.શ.નિ./ખ.૨/૨૦૧૭/૫૬૩૬-૫૭૨૮

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, તા. ૧૪/૧૧/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- શાળાઓમાં સલામતીના ધોરણો જાળવવા તથા Scholl Safty Policy- 2016 ના અમલ અંગે વધુ સ્પષ્ટતા કરવા બાબત

સંદર્ભઃ- (૧) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંકઃ- પ્રા.શ.નિ./ખ.૨/૨૦૧૭/૪૫૦૦-૪૫૪૭ તા.૨૧/૯/૨૦૧૭
(૨) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંકઃ- પ્રા.શ.નિ./ખ.૨/૨૦૧૭/૫૦૮૫ તા.૧૧/૧૦/૨૦૧૭

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શાળાઓમાં બાળકોની સલામતી માટે વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. જેનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી નોડલ ઓફીસર તરીકે DEO/DPEO ની રહેશે. તેમજ શાખાના અધિકારીની પણ રહેશે.

(૧) ઉપરોકત સંદર્ભથી તમોને મોકલી આપેલ શાળા સલામતી માર્ગદર્શિકા, એનેક્ષર, કોડ ઓફ કન્ડકટ વગેરેની સમજણ શાળાના દરેક સ્ટાફે મેળવેલ છે તે મતલબનું પ્રમાણપત્ર તૈયાર કરી દરેક શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની સહી મેળવવાની રહેશે.

(૨) શાળાઓમાં કામ કરતા તમામ સ્ટાફને સદર માર્ગદર્શિકાની વિસ્તૃત તાલીમ આપવા જણાવેલ છે. તેની સાથે શાળાઓમાં નિમણૂક પામનાર નવા સ્ટાફને પણ એક માસમાં સદર માર્ગદર્શિકાની તાલીમ આપવાની રહેશે.

(3) શાળામાં બાળકોની સુરક્ષા માટે ફોકલ પર્સનની નિમણૂક કરવાની તથા હેડબોય અને હેડગર્લની નિમણૂક કરવાની સૂચના આપેલ છે. બાળકોની જાતીય સતામણીની દેખરેખ માટે સમિતિની રચના કરવાની છે. આ સમિતિમાં ફોકલ પર્સન, હેડબોય અને હેડગર્લનો સભ્ય તરીકે સમાવેશ કરવાનો રહેશે.

(૪) શાળામાં નિમણૂક કરેલ તમામ સ્ટાફ પાસેથી સહી સાથેનું એફિડેવિટ મેળવવાનું રહેશે કે તેઓ POSSO Act and JJAct અથવા અન્ય જાતીય અથવા હિંસક ગુનાઓમાં દોષિત ઠરેલ નથી.

(૫) તા. ૧૧/૧૦/૨૦૧૭ના પત્રથી તમામ સ્ટાફના વિચારોનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવા જણાવેલ છે. સદર સૂચના અન્વયે જણાવવાનું કે, શાળા સંચાલક મંડળ/આચાર્યને જરૂર જણાયે જે તે કર્મચારીનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવાનું રહેશે.

ઉપરોકત સૂચનઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

(ડૉ. એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

ક્રમાક / ૨૦૯૯૫૫-૭૨ શા-૯/ક.૨૦૨૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૨૩-૧૨-૨૦૨૦

શા-નકલ રવાના આજ તરફ ઉપરોક્ત બાબતે જરૂરી અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ સરકારી અનુદાનિત આશ્રમ તમામ
શાળાઓ બનાસકાંઠા જિલ્લો.